# ચિંતા વધી : બાયડ તાલુકાના ઉંટરડા પંથકમાં ચિકનગુનિયાના ૬ પોઝિટિવ કેસ

## વાયરલ રોગચાળો વકરે તો આરોગ્ય વિભાગ માટે કપરી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ બાયડ તાલુકાના ઉંટરડા પંથકમાં ચિકનગુનિયાના શંકાસ્પદ ૧૫ કેસ નોંધાયા હતા. તેમનાં સેમ્પલ લીધા પછી ૬ કેસ પોઝિટિવ આવતાં આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. વાયરલ રોગચાળો વકરે તો કોરોના સામે બાથ ભીડતા આરોગ્ય તંત્ર માટે કપરી સ્થિતિ નિર્માણ પામી શકે છે. ચિકનગુનિયાના પોઝિટિવ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ દ્વારા પોરાનાશક તેમજ સર્વેલન્સ કામગીરી શરૂ કરવામાં આવી છે.

વર્ષ-૨૦૨૧નું વર્ષ પણ આરોગ્ય વિભાગ માટે અગ્નિ પરીક્ષા સમાન બની ગયું છે. વર્ષના આરંભે કોરોનાનું વિકરાળ સ્વરૂપ અને ત્યાર પછી એપ્રિલ-મે. મહિનામાં કોરોનાની ઘાતક બીજી લહેરથી અનેક લોકો મોતને ભેટ્યા છે. પાછલા એક પખવાડીયાથી કોરોનાનું સંક્રમણ આરોગ્ય તંત્રને રાહત થઈ હતી પરંતુ બાયડ તાલુકાના પશ્ચિમ ગાળામાં અત્યંત પીડાદાયક ગણાતા ચિકનગુનિયાના રોગચાળાએ દેખાદીધી. શંકાસ્પદ રોગમાં પટકાયેલા દર્દીઓ પથારીમાંથી ઉભા થવામાં પણ મુશ્કેલી અનુભવતા હતા. સાંધામાં અસહ્ય પીડા થઈ, અખબારી અહેવાલ પછી આરોગ્ય વિભાગની ટીમો દોડતી થઈ જેમાં તાલુકાના જૂનાઉંટરડામાં આરોગ્ય વિભાગે શંકાસ્પદ ચિકનગુનિયાના ૧૫ જેટલા કેસ શોધી કાઢી તેમનાં સેમ્પલ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યાં હતાં જેમાં ૬ કેસ પોઝિટિવ હોવાનું જણાતાં આરોગ્ય તંત્રની ઉંઘ ઉડી ગઈ છે. વાયરલ ગણાતો ચિકનગુનિયાનો રોગચાળો વધુ વકરે તો આવનારા દિવસોમાં બાયડ તાલુકાનો પશ્ચિમગાળો ચિકનગુનિયાના સકંજામાં આવી શકે છે.

**જરૂરી તકેદારી રાખવામાં આવી છે : આરોગ્ય તંત્ર**

બાયડ : બાયડ તાલુકાના જૂનાઉંટરડા પંથકમાં શંકાસ્પદ ચિકનગુનિયાના કેસ નોંધાયા પછી લેબ પરીક્ષણ દરમ્યાન ૬ કેસ પોઝિટિવ જણાયા છે. તાબડતોબ આરોગ્ય વિભાગના અધિકારીઓની નિગરાની હેઠળ પોરાનાશક તેમજ સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રોગચાળો વાયરલ સ્વરૂપમાં હોવાથી પ્રજાએ પણ હવે જાગ્રતતા દાખવવી પડશે તેમ ડૉ.પ્રવિણ ડામોરે જણાવ્યું છે.



# ઈડરમાં થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

**એલસીબી પોલીસે ચોરીમાં ગયેલ મુદ્દામાલ તેમજ ગુનામાં વપરાયેલી રિક્ષા સહિત ૮૨ હજારના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓની અટકાયત કરી : ત્રણેય આરોપીઓ સીએનજી રીક્ષા માં બેસીને ગંભીરપુરા ઘાટીથી એપોલો ત્રણ રસ્તા તરફ આવી રહ્યા હતા**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૩ સાબરકાંઠા એલસીબી પોલીસે ઈડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ મોબાઈલ ચોરીનો ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી નાખી ચોરીમાં ગયેલ મુદ્દામાલ તથ્થા ચોરીના ગુનામાં ઉપયોગમાં લેવાયેલી રિક્ષા સહિત રૂપિયા ૮૨ હજારના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોની અટકાયત કરી ઈડર પોલીસ મથકે ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સાબરકાંઠા એલસીબી પીએસઆઈ સ્ટાફ સહિત ઈડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, ઈડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોબાઈલની ચોરી કરનાર ત્રણ ઈસમો એક સીએનજી રીક્ષામાં બેસીને ગંભીરપુરા ઘાટીથી એપોલો ત્રણ રસ્તા તરફ આવી રહ્યા છે જેને પગલે એલસીબી પોલીસે ગંભીરપુરા ઘાટીથી એપોલો ત્રણ રસ્તા તરફ આવી રહેલ રીક્ષાને કોર્ડન કરી ઝડપી પાડી હતી અને બે ઈસમો સહિત કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોર પાસેથી એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન કિં.રૂ. ૩૦૦૦/- તથા રેડમી કંપની નો મોબાઈલ ફોન કિં.રૂ. ૪૦૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ કિં.રૂ. ૫૦૦/- તથા રીક્ષા મળી કુલ કિં.રૂ. ૮૨,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ત્રણેય આરોપીઓની અટકાયત કરી મુદ્દામાલ ઈડર પોલીસ મથકને સોંપવામાં આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

**ચોરીના ગુનામાં કોની કોની અટકાયત કરાઈ**

(૧) વિજયભાઈ લક્ષ્મણભાઈ મારવાડી ઉંમર વર્ષ - ૧૯ રહે - જુના વાડજ, બસ સ્ટેશનની પાછળ, જય જોગણી નગર ચાલી, અમદાવાદ

(૨) સાહિલ ખાન યુસુફ ખાન ઉંમર વર્ષ - ૨૨ રહે - ગંભીરપુરા, બાંગ્લાદેશ વિસ્તાર, તાલુકો - ઈડર જીલ્લો - સાબરકાંઠા, રિક્ષા ડ્રાઈવર

(૩) કાયદાના સંઘર્ષમાં આવેલ અન્ય એક કિશોર

# ભારે વરસાદની આગાહી ખોટી : ઉત્તર ગુજરાતના માત્ર ૧૪ તાલુકામાં ઝરમરીયો વરસાદ

**ખેડૂતોની ચિંતામાં વધારો, મંગળવાર બપોર સુધી ભયંકર બફારાથી પ્રજા ત્રસ્ત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી પછી અધિકારી-કર્મચારીઓને હેડકવાટર્સ ન છોડવા માટેઆદેશ આપવામાં આવ્યા હતા પરંતુ પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના ૪૭ પૈકી માત્ર ૧૪ તાલુકામાં આચમનરૂપ ઝરમરીયો વરસાદ વરસ્યો છે. ફરી એકવાર ભારે વરસાદની આગાહી ખોટી ઠરી છે. આ વર્ષે એક પછી એક વરસાદની આગાહી ખોટી ઠરતાં હવામાન વિભાગ ઉપરનો ભરોસો ડગમગી રહ્યો છે.

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૯.૫૦ લાખ હેક્ટરથી વધુ વાવણી કાર્ય સંપન્ન થયું છે. વરસાદની ખેંચના કારણે બિયારણ નિષ્ફળ જાય તેવો ભય હતો પરંતુ રવિવારથી અનેક વિસ્તારોમાં વરસાદ વરસતાં મૂરઝાતી ખેતીને જીવતદાન મળ્યું અને ત્યાર પછી વરસાદ થંભ્યો ત્યાં રાજ્યના હવામાન વિભાગે ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરી હતી. તમામ જિલ્લાના કલેક્ટરોને ભારે વરસાદની સંભાવનાને લઈને એલર્ટ રહેવા માટે જણાવી દેવામાં આવ્યું. ભારે વરસાદની આગાહી વચ્ચે ગત રાત્રે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કાળાં ડીબાંગ વાદળો અને ડરામણા વીજળીના ચમકારાથી ધોધમાર વરસાદ વરસશે તેવી સંભાવના ઉભી થઈ પરંતુ ઉત્તર ગુજરાતના માત્ર ૧૪ તાલુકાઓમાં અડધા ઈંચ સુધીનો ઝરમરીયો વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતના માલપુરમાં સૌથી વધુ ૧૧ મિમી વરસાદ નોંધાયો છે. જ્યારે અન્ય વિસ્તારમાં માત્ર વરસાદના છબછબીયાથી ખેડૂતો અને પ્રજાને સંતોષ માનવો પડ્યો છે.

**પાછલા ૨૪ કલાકમાં વરસાદ..**

| તાલુકો | વરસાદ (મિમી) |
|---|---|
| બાયડ | ૦૪ |
| ભિલોડા | ૦૩ |
| ધનસુરા | ૦૮ |
| માલપુર | ૧૧ |
| મોડાસા | ૦૨ |
| હિંમતનગર | ૦૮ |
| પ્રાંતિજ | ૦૩ |
| વિજયનગર | ૦૭ |
| વિજાપુર | ૦૫ |
| કડી | ૦૧ |
| વડગામ | ૦૫ |
| સૂઈગામ | ૦૯ |
| પાલનપુર | ૦૬ |
| શંખેશ્વર | ૦૨ |

# પ્રાંતિજના પીલુદ્રા-સાંપડ રોડ ઉપર ધોળે દહાડે વૃક્ષ છેદન પ્રવૃત્તિ





પ્રાંતિજ તા.૧૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા મા વુક્ષછેદન ની પ્રવૃત્તિએ હાલ ભારે માજા મુકી છે અને લીલાછમ તથા ધટાદાર વુક્ષો નુ નિકંદન નિકળી રહ્યુ છે અને લાકડાં ખાઉ કોન્ટ્રાક્ટરો તગડી કમાણી કરી રહ્યા છે ત્યારે આ સમગ્ર ધટના જાણતા હોવા છતાંય વન વિભાગ ના અધિકારી સબ સલામત નુ ગાણુ ગાઈ રહ્યા છે .

પ્રાંતિજ ના પીલુદ્રા-સાંપડ રોડ ઉપર રોડ ની સાઈડ મા આવેલ અડુસા ના વૃક્ષો નુ છેદન ધોળા દહાડે બિદાસ પણે ચાલી રહ્યુ હતુ તો પ્રાંતિજ સહિત તાલુકા મા આવેલ આંબા , લીમડો , મહુડા , અડુસા , જાંબુ જેવા અનેક ધટાદાર અને ફળ આપનાર લીલાછમ વુક્ષો નું વન વિભાગ ની નાક નીચે મોટા પાયે બેરોકટોક પણે નિકંદન થઈ રહ્યુ છે તો પ્રાંતિજ સહિત તાલુકા મા અનેક ઠેકાણે ખેતરોમાં આંબાવાડી આવી હતી પરતુ આજે એકલદોકલ આંબાવાડી અથવા તો આંબા જોવા મળે છે તો અનેક જગ્યા બ્લોક સર્વે નંબરો માં બોલતા વિવિધવૃક્ષો હાલ હયાત નથી અને મોટા ભાગના ખેતરો માંથી પણ વુક્ષો ગાયબ થઈ રહ્યા છે અને લાકડાં ખાઉ કોન્ટ્રાક્ટરો પર્યાવરણ બચાવો , વુક્ષો વાવો , જેવા કાર્યક્રમોની ખુલ્લેઆમ ધજીયા ઉડાવી રહ્યા છે અને તમામ કટીંગ થયેલો માલ શો મીલોમા મોકલી રહ્યા છે ત્યારે પ્રાંતિજ વન વિભાગ અધિકારી હાલતો સબ સલામત ના દાવા કરી રહ્યા છે ત્યારે આમને આમ વૃક્ષ છેદન પ્રવૃત્તિઓ ચાલશે તો આગામી સમય માં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે ત્યારે તંત્ર હાલતો એક બીજા ને ખો આપી રહ્યા છે જેથી વુક્ષપ્રમી લોકો દ્વારા સત્વરે આ સમગ્ર મામલે કાયદાકીય પગલા ભરે તેવી લોકમાંગ પણ ઉઠવા પામી છે .

**પ્રાંતિજ આર.એફો કે.એસ.પ્રજાપતિ નુ શુ કહેવુ છે .**

આર.એફો કે.એસ.પ્રજાપતિ ને ટેલીફોનીક આ અંગે પુછતા તેવોએ જણાવ્યુ કે આ અમારા મા નથી આવતુ અને જેથી અમે આ બાબતે કોઈ જ કાયદાકીય પગલા લઈ શકીએ નહી .

**પીલુદ્રા તલાટી વિનોદભાઇ ચૌધરી નુ શુ કહેવુ છે.**

આ અંગે તેવો નો પણ ટેલીફોનીક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે તે અમે કોઈ મજુરી આપી નથી અને આ વુક્ષો પંચાયત ના નથી .

આર એન્ડ બી પુછતા અધિકારીએ જણાવ્યુ કે આ રોડ અમારા આવે પણ વુક્ષો ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ મા આવે છે .

# જુના ડીસા રામપીર મંદિરમાં ૩૦૦૦ વૃક્ષ ઉછેરવાનો મહા સંકલ્પ

**બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાની નેમ : મિતલબેન પટેલ**

ડીસા, તા. ૧૩ કોરોનાની બીજી લહેરમાં ઓક્સિજનના અભાવે અનેક લોકોના અકાળે મોત નિપજયા હતા. જેથી લોકોને વિનામૂલ્યે ઓક્સિજન આપતા ઋષિ સમાન વૃક્ષોનું મહત્વ સમજાઈ ગયું છે. જેને લઈ ઠેરઠેર વૃક્ષારોપણ થઈ રહ્યું છે. તેમાં સૌથી અગ્રેસર વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી જિલ્લાને હરિયાળો બનાવવા દોઢ લાખ વૃક્ષો ઉછેરવાનો પ્રસંશનીય પ્રકલ્પ લેવાયો છે. જેના ભાગ રૂપે ડીસાને અડીને આવેલા જુનાડીસા ગામના બાબા રામદેવ મંદિરના વિશાળ પરિસરમાં ૩૦૦૦ વૃક્ષો ઉછેરવાનો મહા સંકલ્પ લેવાયો છે. જે અંતર્ગત મંદિરમાં મંગળવારે બીજી વખત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.




આ બાબતે વિચરતા સમુદાય સમર્થન મંચના પ્રમુખ મિતલબેન પટેલે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે દર વર્ષે અપૂરતા વરસાદના કારણે જિલ્લામાં મુખ્ય સમસ્યા પાણીની છે. તેના મૂળમાં જિલ્લામાં લીલોતરીનો ઘટાડો જવાબદાર છે. તેથી મંચ દ્વારા જિલ્લાને હરિયાળો બનાવવા દોઢ લાખ વૃક્ષ વાવવાનો નહિ પણ ઉછેરવાનો પ્રકલ્પ ચાલી રહ્યો છે જેના ભાગરૂપે રામદેવ પીર મંદિરમાં ૩૦૦૦ વૃક્ષો ઉછેરવામાં આવનાર છે. આ પ્રકલ્પમાં રોઝી બ્લ્યુ કંપની, સરકારની મનરેગા યોજના અને વન વિભાગનો સહકાર મળી રહ્યો છે. જેમાં ગામલોકો અને મંદિરના યુવાનોની ટીમનો ઉત્સાહ લાજવાબ છે આ રીતે જો ગામેગામ લોકોમાં ઉત્સાહ છવાય તો નજીકના સમયમાં જિલ્લાને હરિયાળો બનતા કોઈ રોકી નહિ શકે.

આ પ્રસંગે ગામલોકો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા અનેક નિરાધાર, પછાત અને રખડતા ભટકતા લોકોના અંધકારભર્યા જીવનમાં ઉજાશ પાથરવામાં આવ્યો છે. જે સાચે જ અનુમોદનીય છે.

# પ્રાંતિજના વાઘપુર પ્રાથમિક શાળાના નવીન મકાનનું વિધિવત ખાતમુહૂર્ત કરાયું

**પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે ખાતમુહૂર્ત કરવામા આવ્યુ : તાલુકા સદસ્ય, ભાજપ તાલુકા પ્રમુખ, સરપંચ, ડેપ્યુટી સરપંચ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા**

પ્રાંતિજ તા.૧૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાધપુર ખાતે પ્રાથમિક શાળાના નવીન મકાનનુ ખાતમુહૂર્ત પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે કરવામા આવ્યુ હતુ જેમા તાલુકા સદસ્ય, ભાજપ તાલુકા પ્રમુખ, સરપંચ, ડેપ્યુટી સરપંચ સહિત પંચાયત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાંતિજ તાલુકા ના વાધપુર ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળાનુ મકાન છેલ્લા કેટલાય વર્ષોથી જર્જરીત થઈ જતા સરકાર દ્વારા નોનયુજ કરી જમીનદોષ કરી રૂપિયા-૬૫ લાખ ના ખર્ચે નવીન આઠ રૂમ અને ત્રણ માળ ની અધ્યક્ષ શાળા બનાવવામા આવી રસીછે જેનુ ખાતમુહૂર્ત પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, પ્રાંતિજ તાલુકા ભાજપ પ્રમુખ બળવંતભાઈ પટેલ, વાધપુર સરપંચ ભરતસિંહ રાઠોડ, ડેપ્યુટી સરપંચ અલ્પા બેન દેસાઈ, ગેડ સરપંચ કનકસિંહ રાઠોડ, વાધપુર ગામ પંચાયત સભ્યો તથા શાળા ના આચાર્ય વિરાટસિંહ તથા શાળા સ્ટાફ તથા એસ.એમ.સી અધ્યક્ષ અંજનાબા જાડેજા તથા એસ.એમ..સી સભ્યો સહિત વાલોઓ ગામજનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા ધનસુરામાં વિવિધ કચેરીઓમાં મસ્ક વિતરણ



ધનસુરા, તા. ૧૩ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ધ્વારા ધનસુરા માં વિવિધ કચેરીઓમાં માસ્ક વિતરણ કરાયું હતુ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અરવલ્લી જિલ્લાના પ્રમુખ ભરતભાઈ ના માર્ગદર્શન હેઠળ ધનસુરા માં માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ના પ્રમુખ મનસુખભાઈ ભગત ઉપપ્રમુખ ગોવિંદભાઈ પટેલ, મંત્રી લલિતભાઈ બુટાલા ટ્રેઝરર કાર્તિકભાઈ પટેલ દ્વારા મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, અને બેંકો, પોલીસ સ્ટેશન, શાળા નંબર-૧ માં માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



નિહાન જીજ્ઞેશકુમાર મકવાણા હિંમતનગર



પ્રિન્સ રમેશભાઈ પંચાલ (સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨) બાયડ, જિ.અરવલ્લી



ડૉ.ઈશાની ડૉ.દર્શન પટેલ (ઈશાની નાક, કાન, ગળાની હોસ્પિટલ) બાયડ, જિ.અરવલ્લી



ભરતભાઈ જે. પટેલ (નિવૃત્ત શિક્ષક : બાયડ હાઈસ્કુલ) બાયડ (ડેમાઈ)



મેહૂલકુમાર બિપીનચંદ્ર સોની (હરિઓમ જ્વેલર્સ-બાયડ) (વિવેકાનંદ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



(ભરત ટેલર્સ) બાયડ, જિ.અરવલ્લી



રણછોડ પી. સુરાણી (પરીશ્રમ કન્સ્ટ્રકશન) બાયડ, જિ.અરવલ્લી

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**